# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | JUNE 2023 | NO: 04


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર ૪૭:૧-૯**

૧. હે સઘળા લોકો, તાળી પાડો; જયજયકારના નાદથી દેવની આગળ આનંદ કરો.

૨. કેમ કે પરાત્પર યહોવા ભયાવહ છે; તે આખી પૃથ્વીનો રાજાધિરાજ છે.

૩. તે આપણા તાબામાં લોકોને તથા આપણા પગ તળે વિદેશીઓને હરાવીને મૂકશે.

૪. તેણે આપણે સારુ આપણો વારસો, એટલે પોતાના વહાલા યાકૂબની ઉત્તમતા, પસંદ કરી.

૫. દેવ વિજયના પોકારસહિત, યહોવા રણશિંગડાના અવાજસહિત ચઢી ગયો છે.

૬. દેવનાં સ્તોત્રો ગાઓ, સ્તોત્રો ગાઓ; આપણા રાજાનાં સ્તોત્રો ગાઓ, સ્તોત્રો ગાઓ.

૭. કેમ કે દેવ આખી પૃથ્વીનો રાજા છે; સુંદર ગીત રચીને સ્તોત્રો ગાઓ.

૮. દેવ વિદેશીઓ પર રાજ કરે છે; દેવ પોતાના પવિત્ર સિંહાસન પર બિરાજે છે.

૯. લોકોના સરદારો એકઠા થયા છે, ઈબ્રાહિમના દેવના લોકોની સંગાથે તેઓ એકઠા થયા છે; કેમ કે પૃથ્વીની સર્વ ઢાલો દેવની છે; તે ઘણો મોટો મનાયેલો છે.

# નવી મોસમને સ્વીકારો અથવા તમે તેને વિક્ષેપો તરીકે નામ આપી શકો છો!

**EMBRACE THE NEW SEASON OR YOU CAN NAME IT AS DISTRACTIONS!**


**બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી**




ઈસ્રાએલપુત્રોના જીવનમાં યહોશુઆનું પુસ્તક એક નવા યુગની શરૂઆત સાથે, નવી મોસમ સાથે આગળ વધે છે. ઈસ્રાએલના ઈતિહાસમાંના મોટા આગેવાનોમાંના એકના મૃત્યુ પછી, યહોશુઆને મૂસાના ઉત્તરાધિકારી તરીકે નિમવામાં આવ્યો હતો અને તેને માટે તે કાર્ય ઘણું મોટું હતું. તે તેડાંને સ્વીકારવા યહોશુઆને માટે સરળ નહોતું. કોઈ કલ્પના પણ કરી નહિ શકે કે યહોશુઆના મનમાં શું ચાલી રહ્યું હશે, જો કે તેને મૂસાએ યોગ્ય તાલિમ આપી હતી અને ઘડ્યો હતો તેણે શરૂઆતથી જોયું હતું કે ઈસ્રાએલપુત્રો મૂસાની સાથે કેવી રીતે વર્ત્યા હતા અને અંતે મૂસાનું શું થયું હતું. આને કારણે યહોશુઆ ચોક્કસ ગભરાઈ ગયો હશે. પણ મૂસાએ પોતાના હાથ યહોશુઆ પર મૂક્યા હતા અને યહોશુઆને જવાબદારી આગળ લઈ જવા નિયૂક્ત ર્ક્યો હતો. પૂનર્નિયમ ૩૪:૯ કહે છે.

**''અને નૂનનો દીકરો યહોશુઆ જ્ઞાનથી ભરપૂર હતો; કેમ કે તેના પર મૂસાએ પોતાના હાથ મૂક્યા હતા; અને ઈસ્રાએલપુત્રોએ તેનું કહેવું માન્યું; ને જેમ યહોવાએ મૂસાને આજ્ઞા આપી હતી તેમ તેઓએ ર્ક્યુ.''**

તો પણ હું વિચાર કરું છું કે યહોશુઆમાં આત્મવિશ્વાસ નહતો અને તેથી જ હું વિચારું


(અનુસંધાન પાન ૩ પર)





**ઈકો ઓફ હીઝ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**


દરરોજ – સવારે ૫.૦૦ વાગે

**તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





**"પણ અમે અમારા દેવની પ્રાર્થના કરી, ને રાતદિવસ તેઓની તપાસ રાખવાને ચોકીદારો મૂક્યા."**

**(નહેમ્યા ૪:૯)**

ખ્રિસ્તમાં વહાલા પ્રિય મિત્રો!

તમને શાંતિ થાઓ! તમ સર્વ સારી રીતે રહો તથા વૃદ્ધિ પામો. અમે તમારી પ્રાર્થનાના સહાયકો છીએ. કૃપા કરીને આ લેખ અંત સુધી વાંચશો.

ઈશ્વરે આપણને આશીર્વાદિત કર્યા છે. ઈશ્વરે આપણને જરૂરી સ્વાસ્થ્ય, સામર્થ્ય, રક્ષણ અને દિલાસો આપ્યા છે અને આપણા પર દ્રષ્ટિ રાખી છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ભલા છે. તેઓ તમારી સાથે સર્વદા રહો.


### મહત્વની માહિતી જે તમારે ધ્યાનમાં રાખવાની છે!

૧. દરરોજ રાત્રે ૧૦ વાગે આપણો પ્રાર્થનાનો સમય છે. તમે કોઈપણ શહેરમાં કે દેશમાં હો, અમે તમને દુનિયાભરના બાળકો માટે, જુવાનો માટે અને પુરૂષો તથા સ્ત્રીઓ માટે, જેઓ આપણી ભવિષ્યની પેઢી છે, તેમને માટે દરરોજ રાત્રે ૧૦.૦૦ વાગે પ્રાર્થના કરવા વિનંતી કરીએ છીએ. અમે આ સેવાકાર્યને જુવાનો અને **બાળકોની કાળજી માટે વૈશ્વિક દર્શન કહીએ છીએ.** આ સેવાકાર્ય મારફતે, ઈશ્વર સંખ્યાબંધ છોકરાઓને અને છોકરીઓને આશીર્વાદિત કરી રહ્યા છે. તમે **ઈકો ઓફ હીજ કોલની યૂટ્યુબ ચેનલ** મારફત તે જોઈ શકો છો અને આગળ ઈશ્વરની સ્તુતિ કરી શકો છો. **કૃપા કરીને આ યૂટૂબ ચેનલને સબસ્ક્રાઈબ કરશો,** જેથી કરીને તમે સાક્ષીઓ, પ્રાર્થના વિનંતીઓ અને ટૂંકા સંદેશાઓ સાંભળી શકો. કૃપા કરીને અમારા વોટસઅપ નંબરો +૯૧-૯૮૧૦૭૧૮૫૮ અને +૯૧-૯૮૪૧૨૭૧૮૫૮ તમારા ફોનમાં હમેશાં માટે સેવ કરી રાખશો. અમે આ બન્ને મોબાઈલ નંબરો વાપરીએ છીએ. આભાર.

૨. દરરોજ સવારે ૫.૦૦ વાગે **ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ ચેનલ** પર પાંચ મિનિટનો ઈશ્વરનો સંદેશો અને પ્રાર્થના પણ પ્રસારીત કરવામાં આવે છે. આ સંદેશાઓ પાળક એસ. સામ. સેલ્વરાજ અને પાળક એલેક્ષ સેમસન સામ દ્વારા આપવામાં આવે છે. તે વોટસઅપ નંબરો +૯૧-૯૮૧૦૭૧૮૫૮ અને +૯૧-૯૮૪૧૨૭૧૮૫૮ પર ઉપલબ્ધ છે. જો તમે આ કાર્યક્રમ જુઓ છો, તો તમે અમારી સાથે દરરોજ પ્રાર્થના કરવાની તક મેળવી શકો છો. દરરોજ દુનિયાભરના મોટી સંખ્યામાંના લોકો આ કાર્યક્રમ જુએ છે, અને આશીર્વાદિત થાય છે. તમે આ રીતે પણ આશીર્વાદિત થઈ શકો છો. તમારે આ કરવાનું છે, કૃપા કરીને ઉપર આપેલા નંબરા તમારા મોબાઈલ ફોનમાં હમેશ માટે સેવ કરી રાખો. આ ઘણું મહત્વનું છે.

૩. અમારી ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** સારી રીતે ચાલી રહી છે. આ શાળા કુશળ અને આત્મિક પરિપક્વ શિક્ષણાર્થીઓ સાથે કાર્ય કરી રહી છે. અમને સારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની જરૂર છે. કૃપા કરીને તેની વૃદ્ધિને યાદ રાખશો અને શાળાને માટે પ્રાર્થના કરશો.

૪. અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ** હિન્દીમાં (નિવાસી અભ્યાસક્રમ) અને તામિલમાં (સાંધ્ય અભ્યાસક્રમ) રજુ કરે છે. આ કોલેજમાં શીખવવા અમારી પાસે ચેન્નાઈના ઘણા સારા પ્રાધ્યાપકો છે.



*St. Paul's Matriculation School Staff*

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**

Bro. N. Prakasam, M.A., General Manager
Dr. Rabinder Boaz, M.S.
Bro. K. Puratchivendan

**EDITORIAL BOARD**

Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**

Echo of His Call

ઈશ્વરની સેવા કરવાના યોગ્ય દર્શન સાથેના સારા વિદ્યાર્થીઓની અમને જરૂર છે. અગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટેના વર્ગો ૫મી જૂન ૨૦૨૩ થી શરૂ થશે. હમણા અત્યારે ૩૦ વિદ્યાર્થીઓ પદવી મેળવવા અને મિશન વિસ્તારોમાં જવા તૈયાર છે.



**નહેમ્યા બાઈબલ કોલેજની મિટીંગ**

**નહેમ્યા બાઈબલ કોલેજ** તેનો પદવીદાન સમારંભ ૩જી જૂન, ૨૦૨૩ના રોજ ઉજવવાનો છે.

૫. બાળાકે માટેની ઉનાળુ વેકેશન સ્કૂલ પાછલા મહિનામાં (મે ૨૦૨૩માં) ઘણા સ્થળોએ ભરાવવામાં આવી હતી.

૬. ઈશ્વર પ્રભુનો હાથ **ઈકો ઓફ હીજ કોલ સામયિક** પર રહ્યો છે, જે ૧૬ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. ઈશ્વર પ્રભુનો હાથ અમારા ચર્ચો પર, પત્રવ્યવહાર બાઈબલ અભ્યાસક્રમો પર, સુવાર્તા છાપખાના પર, બાળકોની મિનિસ્ટ્રી પર, જુવાનોની મિનિસ્ટ્રી પર, હોસ્પિટલ મિનિસ્ટ્રી પર વગેરે પર પણ રહ્યો છે. આ સર્વ મિનિસ્ટ્રીજને માટે આપણે ઈશ્વરના આભારી રહેવું જોઈએ.

સુવાર્તા સંભળાવવા માટે ઈશ્વરે આપણા હાથોમાં આ મોટી વિશાળ દુનિયા આપી છે. અમને દર્શન સાથેના ઘણા ઈશ્વરના સેવકોની જરૂર છે, અને અમને ઘણા ઈશ્વરના લોકોની જરૂર છે, જેઓ તેમની નાણાકીય મદદ વડે આ મિનિસ્ટ્રીને સહાય કરી શકે.

કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરશો. અમે ઘણા આત્મિક યૂદ્ધોનો સામનો કરી રહ્યા છીએ. ઈશ્વર અમને વિજય આપી રહ્યા છે. અમે તમારા માટે પણ પ્રાર્થના કરીએ છીએ.

આપણા પ્રેમાળ ઈસુ ખ્રિસ્ત તમ સર્વને આશીર્વાદ આપો. આમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

છું કે ઈશ્વરે પ્રથમ અધ્યાયમાં યહોશુઆને વારંવાર યાદ અપાવ્યું હતું, ‘‘બળવાન તથા હિમ્મતવાન થા;.. જેમ મૂસાની સાથે હું રહ્યો હતો, તેમ તારી સાથે પણ હું રહીશ.’’

ઈશ્વર આપણા જીવનની નવી મોસમમાં, આપણી મિનિસ્ટ્રીમાં કેટલાકને બોલાવી રહ્યા છે. હા, જૂનૂં સારું છે, પણ આપણે *આપણા જીવનની નવી મોસમને વહાલ કરવો જોઈએ.* હું જોઈ રહી છું કે આપણામાંના કેટલાકને એમ કહેતા કે ‘‘હું ચોક્કસ હું જીવનમાં અંત પર છું, તો મારા જીવનમાં નવી મોસમ કેવી રીતે હોય?’’ બાર્ઝીલાય જ્યારે તેણે દાઉદને ટેકો આપ્યો હતો, ત્યાર તે ૮૦ વર્ષને વૃધ્ધ માણસ હતો. (૨ શમુએલ ૧૯:૨૨). તેથી જો તમે ઈચ્છા રાખો, તો ઈશ્વર તમને જીવનની નવી મોસમમાં લઈ જઈ શકે છે.

નવી મોસમને આવકારવા માટે, આપણે આપણા જીવનમાં કેટલીક ચોક્કસ બાબતોને છોડી દેવાની જરૂર છે. જો આપણે જૂની બાબતોને પકડી રાખીશું, તો આપણે ઈશ્વરના આશીર્વાદનો આનંદ કદાચ માણી શકીશું નહિ, જે ઈશ્વરે નવા મોસમમાં આપણા માટે રાખી મૂક્યા છે.

**૧. નવી મોસમ !**

યહોશુઆ ૧:૨ કંઈક આમ શરૂ થાય છે, **‘‘મારો સેવક મુસા મરી ગયો છે; માટે હવે**

## ખાસ તાકીદની જાહેરાત!

## VERY URGENT ANNOUNCEMENT!

પ્રતિકૂળ પરિસ્થિતિઓને કારણે ઘણા ખ્રિસ્તી સામાયિકો પ્રકાશિત થઈ શક્યા નહતા. સખત મહેનત અને મોટી મૂશ્કેલી પછી, આવી પરિસ્થિતીનો અનુભવ આપણા ઈકો ઓફ હીજ કોલ સામયિકોને પણ કરવો પડ્યો હતો. સખત મહેનત અને મોટી મૂશ્કેલી પછી અમે અમારા સામયિકો મોકલીએ છીએ. પણ અમને સમજાયું છે કે ટપાલ ખાતાનાં માણસો પ્રામાણિકપણે સમાચારપત્રોની વહેંચણી કરતા નથી. વહેંચણી પછી પણ, કેટલાક વાંચકો, તે ખોલતા પણ નથી અને વાંચતા પણ નથી. તેથી જો, તમે ખરેખર **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મેળવવા માંગો છો અને તમે એ વ્યક્તિ છો જે આતૂરતાથી આ સામયિક વાંચો છો, તો કૃપા કરીને તમારું સુધારેલું સરનામું, મોબાઈલ નંબર, અને તમારું ઈમેલ સરનામું અમને તમારા ફોન દ્વારા કે વોટસઅપ નંબર દ્વારા કે ટેક્સ મેસેજ દ્વારા કે ઈમેલ કે પોસ્ટ દ્વારા મોકલશો. અમે કોઈક રીતે તમને સામયિક મોકલશું. જો તમે જરૂરી વિગતો સાથે તમારું નવું સરનામું અમને આપશો નહિ તો, અમે તમને **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મોકલી શકીશું નહિ. અમે કોઈપણ સંજોગોમાં તમારે સંપર્ક કે સંબંધ ગુમાવવા નથી માગતા. કૃપા કરીને સાથસહકાર આપશો.

અમારું સરનામું :

**ઈકો ઓફ હીજ કોલ**

**Echo of His Call**
10, Mohammed Abdullah 2nd Street, Chepauk. Chennai – 600 005.
Mobile No : +91-98410 71858, +91-98412 71858
Telephone No. (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
E-mail : sam@echoofhiscall.org / echosamselvaraj@gmail.com.
YouTube Channel: Echo of His Call.

**તું તથા આ લોક ઉઠો, ને જે દેશ હું તેઓને એટલે ઈસ્રાએલપુત્રોને આપું છું તેમાં આ યર્દન ઊતરીને જાઓ.''**

હું આ વિષયમાં ઊંડી ઉતરું તે પહેલા હું આ કલમમાંના કેટલાક શબ્દો પર ધ્યાન દોરવા માગું છું.

મારો સેવક મૂસા મરી ગયો છે. જૂનૂ જતું રહ્યું છે. અને કલમ કહે છે, ''હવે''. આ નવી મોસમ માટેનો સમય છે. હવે સમય છે કે તમે તેને પકડી લો જે ઈશ્વરે તમારા માટે તમારા જીવનમાં આવનાર આગલી મોસમમાં રાખી મૂકી છે.

આ હવે મોસમ છે કે તમે તમારી મિનિસ્ટ્રીને આગળના સ્તરે લઈ જાઓ. આ હવે તમારા કુટુંબ પર, તમારા બાળકો પર અને તમારા ઘરના પર કૃપાનો સમય છે, નવી મોસમ છે.

હવે સમય છે, પછી નહી, પણ પ્રશ્ન છે કે, શું આપણે ઈચ્છા રાખીએ છીએ અને શું આપણે તેને પકડી રાખી શકીશું?

## ૨. સજ્જ થાઓ !

આ કલમમાંના બીજા શબ્દ તરફ મારું ધ્યાન ગયું તે હતું કે ઈશ્વરે યહોશુઆને સજ્જ થવા કહ્યું. ઘણી બધી વખત, આપણે પ્રથમ પગલું લેવા અચકાઈએ છીએ. જ્યાં સુધી આપણે કંઈક નક્કર ન જોઈએ, ત્યાં સુધી આપણે આગળનું પગલું લેવા નથી માગતા. હું જાણતી નથી કે જેઓ આ વાંચી રહ્યા છે, તેઓ ઈશ્વર તમને તમારા જીવનમાં આગળની મોસમ તરફ લઈ જાય તેની રાહ જુએ છે. આગળનું પગલું ભરવા માટે ઈશ્વરના જવાબની રાહ જુએ છે.

વહાલા મિત્રો, હવે મોસમ આવી છે. પણ પ્રશ્ન એ છે કે શું તમે તેને વળગી રહેવા સજ્જ થયા છો? આપણે વિશ્વાસ સાથે આપણી જાતને સજ્જ કરવાની જરૂર છે, આપણું આગળનું પગલું લેવા માટે. તમને શું રોકી રહ્યું છે તે વિશે વિચારો! તમને ફક્ત ઈશ્વરના વચનની ખાતરીની જરૂર છે. ઈશ્વરના વચન વગર, આગળ વધવાનું વિચારશો નહિ, પણ જો ઈશ્વરે તેમનું વચન, વચનની ખાતરી આપી હોય તો, અચકાશો નહી. આગળ વધો. આપણું જીવન ટૂંકું છે, જે કંઈ તમે ઈશ્વર માટે કરશો તે સદાકાળ માટે રહેશે. જેની પણ તમે રાહ જોઈ રહ્યા છો, હવે આગળ વધવાની તૈયારી રાખવાનો સમય આવી ગયો છે. જ્યારે તમે આગળ વધવાનું નક્કી કરો છો, અને પ્રથમ પગલું લેશો, ત્યારે બાબતો તમારા માટે આગળ વધશે. આપણે યહોશુઆ ૩:૧૩માં વાંચીએ છીએ: ''અને આખી પૃથ્વીના પ્રભુ યહોવાનો કોશ ઊંચકનારા યાજકોના **પગ યર્દનનાં પાણીમાં પડતાં જ** એમ થશે કે, યર્દનનું પાણી જે ઊંચેથી નીચલી તરફ વહે છે તેના ભાગ પડી જશે; અને ઢગલો થઈને તે ઠરી રહેશે.''

જ્યારે તમે, પ્રથમ પગલું લેશો કે તરત જ, નદી, અવરોધ જે તમારી આગળ છે, તે તમને માર્ગ કરી આપશે. તો શું તમે સજ્જ થયા છો, તૈયાર છો?

## ૩. પાર ઊતરવું !

ઈશ્વરે યહોશુઆને કહ્યું, હવે સમય આવી ગયો છે, પાર ઉતરવા, સજ્જ થા, તૈયાર થા.

હવે પાર ઊતરવાની પ્રક્રિયા છે. તે એક સમયની ઘટના નથી. તમારે કેટલાક સંજોગામાંથી અજાણ્યા માર્ગોમાથી પસાર થવું પડશે, ચાલવું પડશે. કેટલીક વખત, એનો કોઈ અર્થ પણ ન હોય. ઈસ્રાએલપુત્રોને ઈશ્વરે કહ્યું, યર્દન નદી પાર ઊતરો. તેઓ યર્દન નદી કેવી રીતે પર ઉતરશે? તે માનવીય મન માટે કોઈ અર્થ જેવું નહતું. મારા વહાલા મિત્રો, જ્યારે ઈશ્વર તમને વચનની ખાતરી આપે છે, તમારે તમારી આત્મિક આંખોથી તે જોવાની શરૂઆત કરવાની જરૂર છે. જો આપણે માનવીય આંખોથી જોવાની શરૂઆત કરીશું, તો આપણે વધુ દૂર સુધી જોઈ શકીશું નહિ. આપણે ફક્ત પાણી પાણી અને હલતા મોજાંઓને કિનારે અથડાતાં જોઈ શકીશું. વહેતા પાણી આપણને ડરાવતા હોય છે. ત્યાં તમે નદીને પાર કરો અને કોઈ માર્ગ નથી. પણ જો તમે તમારી આત્મિક આંખોથી જોવાનું શરૂ કરશો, તો આપણે જોઈ શકીશું કે ઈશ્વરે જે આપણા માટે કર્યું છે તે આપણી કલ્પનાની બહાર છે. એફેસીઓને પત્ર ૩:૨૦ મારી બાઈબલમાંની પસંદગીની કલમ છે. તે કહે છે, કલ્પના કરવી તે ઈશ્વરે માનવજાતને આપેલી મોટામાં મોટી ભેટ છે. કોઈપણ કંઈપણ કલ્પના કરી શકે છે, જેમ તે ચાહે તેમ, કોઈપણ સમયે. કોઈની કલ્પના શક્તિની કોઈ મર્યાદા નથી અને ત્યારે હું એફેસીઓના પત્રમાં જોઉં છું કે જ્યારે ઈશ્વર તેમના બાળકોને આશીર્વાદ આપવા માગે છે,

(આગળ પાન ૬ પર...)


# નહેમ્યાહ બાઈબલ

**નીવાસી અને સાંધ્ય કોલેજ**

**વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ**

**માધ્યમ : हिंदी/தமிழ்**

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર**

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA**

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!** મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)



## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જૂન ૨૦૨૩ થી ૧૮ જુલાઈ ૨૦૨૩ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ જૂન** : ૩જી જૂન, ૨૦૨૩ના રોજ ભરાયેલ અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના પદવીદાન સમારંભને આશીર્વાદિત કરવા માટે.

**૨૦ જૂન** : ૧૦મી મેના રોજ ભરાયેલ અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ઉજવણીને આશીર્વાદિત કરવા માટે.

**૨૧ જૂન** : **નહેમ્યા બાઈબલ કોલેજ**માં અમારા શૈક્ષણિક સલાહકાર તરીકે રેવ. પોલ એબેનએઝેર જોડાયા તે આશીર્વાદ માટે.

**૨૨ જૂન** : જૂવાનો અને બાળકોની સંભાળ માટેના વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીમાં દુનિયાભરના જુવાનો અને બાળકો માટે રોજ રાત્રે ૧૦.૦૦ વાગે પ્રાર્થના કરવાની શરૂઆત કરાવવા માટે.

**૨૩ જૂન** : અમારા સમર્પિત સહસંપાદકો પરના આશીર્વાદ માટે જેઓ સમયસર, દર સમયે અમને અમારું **ઈકો ઓફ હીજ કોલ** સામયિક ૧૬ ભાષાઓમાં પ્રકાશિત કરવામાં સહાય કરી રહ્યા છે.

**૨૪ જૂન** : અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે વિદ્યાર્થીઓ મેળવવાના અમારા પ્રયત્નોમાં આશીર્વાદિત કરવા માટે.

**૨૫ જૂન** : અમને અમારી સામયિક મિનિસ્ટ્રી પરની પ્રતિબદ્ધતા માટે, જે ૧૯૬૯ થી ચાલી રહી છે, તેના પરના આશીર્વાદો માટે.

**૨૬ જૂન** : **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** માટે નવા વિદ્યાર્થીઓ મેળવવાના અમારા કાર્યાલયના અને શાળાના કર્મચારીવર્ગના પ્રયત્નો પરના આશીર્વાદ માટે.

**૨૭ જૂન** : અમારા શુભેચ્છકોની પ્રાર્થનાઓ અને નાણાકિય સહાયતા માટે.

**૨૮ જૂન** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ સફળતાપૂર્વક પૂરુ કરવા માટેના અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** અને **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** પરના આશીર્વાદ માટે.

**૨૯ જૂન** : **ઈકો ઓફ હીજ કોલ**ના મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોના આગેવાનો અને વિશ્વાસીઓ પરના આશીર્વાદો માટે.

**૩૦ જૂન** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોએ ભરાવેલા વેકેશન બાઈબલ સ્કૂલ પરના આશીર્વાદ માટે.

**૦૧ જુલાઈ** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો અને તેમના કુટુંબને માટે.

**૦૨ જુલાઈ** : તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દી ભાષાઓના અમારા ઈકો ઓફ હીજ કોલના યૂટ્યુબ સંદેશાઓ પરના આશીર્વાદ માટે.

**૦૩ જુલાઈ** : સંસ્થાને અત્યાર સુધી ફળદાયી રીતે ચલાવવાના અમારા પ્રયત્નો માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ જુલાઈ** : આફ્રિકન દેશ સુદાનમાં જે રાજકિય અશાંતિ છે તે ઓછી થાય, તે માટે.

**૦૫ જુલાઈ** : અમારા વડિલ પાળકને તેમની આત્મકથા લખવામાં તેમની ઉદારતાથી મંજૂરી આપવા માટે.

**૦૬ જુલાઈ** : અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી ઈશ્વરના સતતના રક્ષણ માટે.

**૦૭ જુલાઈ** : દુનિયાભરના સર્વ સંપ્રદાયોની મંડળીઓમાં આત્મિક જાગૃતિ માટે.

**૦૮ જુલાઈ** : અમારા **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**માં ઈશ્વર વધુ સમર્પિત કાર્યકરો મોકલે તે માટે.

**૦૯ જુલાઈ** : કોવિડના નવા પ્રકાર અને અન્ય ચેપી રોગોની નાબૂદી માટે.

**૧૦ જુલાઈ** : અમારા જૂવાનો અને બાળકો માટેના **વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીમાં**; આ પેઢીના જુવાનો અને બાળકો માટે પ્રાર્થના કરવા વધુ લોકો નોંધણી કરે તે માટે.

**૧૧ જુલાઈ** : માતાપિતાને તેમના પરિવારના જૂવાનો અને બાળકોના ઉછેરમાં દૈવી માર્ગદર્શન માટે.

**૧૨ જુલાઈ** : દૂરસ્થ વણખેડાયેલા વિસ્તારોના લોકોમાં જે મિશનરીઓ સુવાર્તા પ્રચાર કરે છે, તેમના દૈવી રક્ષણ માટે

**૧૩ જુલાઈ** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમારા નિવાસી અને સાંધ્ય **બાઈબલ કોલેજ**માં લાયક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે તે માટે.

**૧૪ જુલાઈ** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**૧૫ જુલાઈ** : દુનિયાભરમાં ભરાયેલ વેકેશન બાઈબલ સ્કૂલના વર્ગો દરમિયાન જે બાળકો અને જૂવાનો બચાવ પામ્યા છે તેમને માટે.

**૧૬ જુલાઈ** : જેઓ માદક દ્રવ્યોના વ્યસની છે અને કોલેજો અને શાળામાં અનિયમિત છે તેવા બાળકો અને જૂવાનોનાં છૂટકારા માટે.

**૧૭ જુલાઈ** : આ મહિનાની સર્વ નાણાકિય જરૂરીયાતો પૂરી પાડવામાં આવે તે માટે.

**૧૮ જુલાઈ** : દુનિયાભરના એવા લોકોના છૂટકારા માટે જેઓ રોગોથી અને હતાશાથી અસર પામેલા છે.

(પાન ૪ પરથી આગળ...)

જ્યારે ઈશ્વર તેમની ઈચ્છા તેમન બાળકોનાં જીવનમાં પરિપૂર્ણ કરવા માગે છે, ત્યરે મારા ઈશ્વર પડકાર આપે છે કે કલ્પનાશક્તિ પણ મર્યાદિત છે, કાલાંતીત છે, અને અનંત છે.

**''હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારું પુષ્કળ કરી શકે છે''.** એફસીઓને પત્ર ૩:૨૦

તેમણે કહ્યું કે તેઓ તે કરતાં પણ વધુ કરવા સામર્થ્યવાન છે તે આ ઈસુ ખ્રિસ્તનું સામર્થ્ય છે. જો તમે હજી સુધી તેમને અજમાવી જોયા ન હો, તો પ્રયત્ન કરો અને જુઓ કે તેઓ તમારા માટે શું કરી શકે છે. તમે માગો કે કલ્પો તે કરતાં તેઓ વધુ કરી શકે છે.

જો ઈશ્વર તમને કંઈક કરવા માટે કહે છે, જો કે તેનો કોઈ અર્થ ન હોય, તોપણ તે કરો. કેમ કે તેઓ ઈશ્વર છે જેઓ આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં વધુ કરી શકે છે. તો પછી ચિંતા કેમ કરવી? અયૂબનું પુસ્તક સુંદર રીતે કહે છે, **''તે મોટા તથા અગમ્ય કૃત્યો, તથા અગણિત અદ્દભુત કાર્યો કરે છે.''** અયૂબ ૫:૯

આપણે ફક્ત એટલું જ કરવાનું છે કે જે દેશ ઈશ્વર આપણને આપવાને છે, તે મેળવવા માટે આપણે સજ્જ થવાનું છે. હવે સમય આવી ગયો છે. ઈશ્વરે જે વચન આપ્યુ છે તે સ્થળે જવા માટે. પરિસ્થિતિ, નાણાકિય બાબત, કૌટુંબિક પૃષ્ઠભૂમિ, સ્વાસ્થ્ય, ઉમર, તમારી જાતિ, વગેરે તરફ ન જુઓ - આપણા ઈશ્વર તે ઈશ્વર છે જેઓ આ સર્વથી વધુ કરી શકે છે. ફક્ત એકજ બાબત છે કે હવે તમે સજ્જ છો, તૈયાર છો!

હું જાણુ છું કે હું ત્યાં ઊભી છું અને ઈશ્વર મને ક્યાં લઈ જવા માગે છે, પણ તે શું છે. જે મને અ કે બ તરફ જતા રોકે છે. એ જાણીને કે આ તે છે જ્યા મારે જવાનું છે? આ માટે, હુ તમારું ધ્યાન માથ્થીના ૧૩માં અધ્યાય તરફ દોરવા માગું છું. તે એક સાબ્બાથ શાળાની જાણીતી વાર્તા છે. બી વાવનારની વાર્તા. એક માણસ બી વાવવા ગયો અને આપણે જાણીએ છીએ કે તે ચાર જુદી જુદી પ્રકારની ભોંયમાં પડ્યા હતા. જો હું પૂછું કે તમે કેવા પ્રકારની ભોંય છો, તો મોટા ભાગના કહેશે કે સારી ભોંય. ઓછામાં ઓછું, આપણે બધા તેવા બનવા માગીએ છીએ. તે આપણી અપેક્ષા હોઈ શકે છે, પણ વાસ્તવિકતા અલગ હોઈ શકે છે. ફક્ત આપણું જીવન અને ફળ જે આપણે આપીએ તે જ ખરો જવાબ આપશે. ત્યાં અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચે અંતર છે. મારો પુત્ર જે હવે ૧૨ વર્ષની વયનો છે, તે એક સારો ફૂટબોલનો રમતવીર છે. તે માટે હું ઈશ્વરનો આભાર માનું છું. તોપણ જ્યારે તે છ વર્ષનો હતો, જ્યરે તેણે ફુટબોલ રમવાનું શરૂ કર્યુ હતું, ત્યારે હું તેના એક તાલિમના સ્થળે ગઈ હતી. મેં જોયું કે મારો પુત્ર ફૂટબોલની પાસે આવ્યો અને તેને પગની લાત મારી અને હવામાં જોવા લાગ્યો કે બોલ ક્યાં ગયો. ત્યાં તે ફૂટબોલ ક્યાં પણ નહોતો અને જ્યારે મેં મેદાનમાં જોયું તો મેં તે ફૂટબોલ જોયો કે જે થોડાજ અંતરે આગળ ગયો હતો. મને ખબર ન પડી કે હું કેવો પ્રતિભાવ આપું. મારો પુત્ર આવ્યો અને તેના ચહેરા પર સુંદર સ્મિત સાથે મને પૂછ્યું. તેની મમ્મી તેની રમત જોઈ રહી હતી તેથી તે ગર્વ અનુભવતો હતો, ''મમ્મી, શું તમે મને ફૂટબોલને લાત મારતા જોયો?'' હું જાણતી ન હતી મારે કોઈ રીતે પ્રામાણિક હોવું જોઈએ કે નહિ અને મારે તેને કહેવું જોઈએ અને તેને પ્રોત્સાહક કે સકારાત્મક કહેવું જોઈએ? અંતે, જે સઘળી મમ્મીઓ કરે છે તેમ મેં કહ્યું, ''પુત્ર તે જબરદસ્ત લાત મારી હતી.

...આહા! ''હું સ્મિત જોઈ શકી, તેના ચહેરા પર અમૂલ્ય સ્મિત જોઈ શકી હતી. હા હા હા! તેની અપેક્ષા વાસ્તવિકતાથી અલગ હતી''.

તેવી જ રીતે, આપણ સહુને સારી ભોંય જોઈએ છે. ઈશ્વરની સ્તુતિ થાઓ! પણ વાસ્તવિકતા શું છે? ફક્ત કોઈક પોતાની જાતે જ તેનો જવાબ આપી શકે છે.

માથ્થી ૧૩:૪ કહે છે, **''અને તે વાવતો હતો ત્યારે કેટલાંએક બી રસ્તાની કોરે પડ્યાં, એટલે પક્ષીઓ આવીને તે ખાઈ ગયાં.''** જ્યારે બી રસ્તાની કોરે પડ્યાં, ત્યારે પક્ષીઓ આવ્યા અને તે લઈ ગયા.

અને કલમ ૧૯માં ઈસુ તેમના શિષ્યોને તે દ્રષ્ટાંત સમજાવે છે, ''જ્યારે રાજ્યનું વચન કોઈ સાંભળે છે, ને નથી સમજતો, ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવી લઈ જાય છે; રસ્તાની કોરે જે બી વાવેલું છે તે એ જ છે.''

આ કલમમાં હું બે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા ચાહું છું - ઈશ્વર આપણને સહાય કરો તે સમજવામાં કે જ્યાં ઈશ્વર આપણને લઈ જવા માગે છે, તેને કોણ રોકી રહ્યું છે.

જ્યારે ઈસુએ પ્રથમ ભોંય વિશે સમજાવ્યું ત્યારે તેમણે કહ્યું કે ''શેતાન આવ્યો અને તે છીનવી લઈ ગયો.'' ઈશ્વરનું વચન આપણા હૃદયમાં, જીવનમાં કંઈ કામ કરે તે પહેલાં, શેતાન, દુષ્ટતા આવે છે અને તે છીનવી લઈ જાય છે. વાસ્તવિકપણે આ કેવી રીતે થાય છે?

આવો મને તમન એક વાર્તા કહેવા દો, જે કાલ્પનિક છે, એક દિવસ શેતાનને ત્યાં તેના સર્વ પતિત દૂતોને માટે સભા ભરાઈ હતી કે તેઓ આવે અને તેના સાધનોનાં ભંડારને જુએ અને કંઈ ખરીદે જે લોકોને ઈશ્વરની ઈચ્છાથી દૂર લઈ જાય. ત્યાં ખૂન, અદેખાઈ, ચોરી, વિલંબતા, જૂઠાણું વગેરે હતા. ત્યાં દરેક સાધનની સાથે તેની કિંમતની કાપલી ચોટાડેલી હતી. પણ ત્યાં બે વસ્તુઓ હતી જે ઘણી મોંઘી હતી. જો કે તે ઘણી નાની હતી તોપણ. તમને શું લાગે છે કે શેતાનનું સૌથી શક્તિશાળી સાધન શું છે જેનો તે આપણા જીવનોમાં ઉપયોગ કરે છે - નિરાશા અને વિક્ષેપ?

વિક્ષેપ એ શેતાનના શક્તિશાળી સાધનોમાંનું એક છે જે આપણને ખલેલ પહોંચાડી શકે છે અને આપણા જીવનોમાં ઈશ્વરની યોજનાને પરિપૂર્ણ કરવામાં રોકીને આપણો વિનાશ કરી શકે છે. આપણે યાદ રાખવાની જરૂર છે કે આપણે ઈશ્વરની ઈચ્છાને પરિપૂર્ણ કરવા આપણી જાતને તૈયાર કરતા નથી, ત્યારે આડકતરી રીતે આપણે શેતાનની ઈચ્છામાં છો. હું જાણું છું કે તે સ્વીકારવું મુશ્કેલ છે!

તમે કદાચ પ્રભુની મિનિસ્ટ્રી કરતા હોઈ શકો છો. પણ પ્રશ્ન છે કે શું તમે તે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરો છો? શું તમે ઈશ્વર માટે મિનિસ્ટ્રી કરો છો કે ઈશ્વરની સાથે? તે એ પ્રશ્ન છે કે જે આપણે પૂછવાની જરૂર છે. ઘણી વખત, તેમાં હું પણ સામેલ છું, આપણે વિચારીએ છીએ કે મિનિસ્ટ્રીમાં આપણે જે કંઈ કરીએ છીએ તે ઈશ્વરની ઈચ્છા છે. તે ખરું નથી. તે ખોટું છું. ઈશ્વરની ઈચ્છાને

સમજ્યા વગર, કોઈપણ નવા સાહસમાં ઉતરો નહી. પહેલા વચનની ખાતરી માટે ઈશ્વરને વિનંતી કરો અને પછી શરૂઆત કરો.

જે બાબત આપણને ઈશ્વરની ઈચ્છાથી દૂર લઈ જાય છે, તે વિક્ષેપ છે.

જ્યારે હું કહું છું કે વિક્ષેપ, તે તમે વિચારો છો તેવી સરળતાથી નથી આવતું. શેતાન હમેશાં ચાલાક, ડરપોક અને કપટી હોય છે. તે એવી રીતે વિક્ષેપ લાવશે કે તમારા માટે તેને રોકવું મુશ્કેલ થશે.

આવો આપણે ઉત્પતિ ૩:૬ તરફ જોઈએ. બાઈબલ કહે છે, જ્યારે હવાએ ફળ જોયું, ત્યારે તેની આંખોને તે સુંદર લાગ્યું... વૃક્ષ સુંદર હતુ – અને તેનું ફળ જોવામાં સ્વાદિષ્ટ લાગતુ હતું અને તેણીને જ્ઞાન આપવા ઈચ્છવા જેવું હતુ કે જે આંખોને સુંદર લાગે.

તે આનંદદાયક, સુંદર, સ્વાદિષ્ટ, આલહાદક અને સૌથી વધુ તેણી જ્ઞાન મેળવવા માગતી હતી. શું આમાનું કંઈપણ ખરાબ છે? શું આમાનું કંઈપણ એવું લાગે છે કે તે શેતાન તરફથી આવ્યું છે? શું આ બધુ તે નથી કે જે દરેક જણ ઈચ્છે છે? શું તે વિક્ષેપો જેવા લાગે છે?

સુંદર, સ્વાદિષ્ટ, આલહાદક, આનંદદાયક અને જ્ઞાન જોઈતું હોય તો તેમાં ખોટું શું છે? તે વિક્ષેપ કેવી રીતે કહેવાય?.

પણ આપણે જોઈએ છીએ કે તે વિક્ષેપ લાવનારી બાબત હતી – તે સઘળા માનવજાતને પતન તરફ લઈ ગયું હતું. યાદ રાખો, વિક્ષેપ હમેશાં આકર્ષક રીતે, ઘાટમાં, રંગીત અને આંખોને સુંદર લાગે તે રીતે આવે છે. તે ખરેખર સારું હશે. તોપણ, જો કોઈ તમને ઈશ્વર પર ધ્યાન આપવાથી દૂર લઈ જાય, ત્યારે તમે તેના પર ધ્યાન આપવાની જરૂર છે.

તમે જાણો છો કે જે તમે કહો, આ મારો સૌથી મજબૂત મુદ્દો છે, તો સાવચેતીપૂર્વક જુઓ, તે એ જગ્યા છે જ્યાં શેતાન તમને સખત રીતે મારશે. પિતરે કહ્યું હતું કે હું તમારી સાથે મરવા પણ તૈયાર થઈશ. પિતરે વિચાર્યુ હતું કે તે તેનો મજબૂત મુદ્દો છે. તેણે વિચાર્યુ કે ઈસુને માટે તેનો પ્રેમ એટલો મજબૂત છે કે તેને કંઈ પણ તેમનાથી દૂર લઈ જઈ શકશે નહી. પણ ઈસુએ તરત જ કહ્યું કે આજે રાત્રે મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ.

વહાલા મિત્રો, હું તમને પ્રતિબિંબિત કરાવવા માંગું છું કે તમે વિચારો છો કે તમે ક્યાં મજબૂત છો. તમારા જીવન માટે પ્રાર્થના કરો, તમારા જીવનના દરેક ક્ષેત્ર માટે, તમારા બાળકો, તમારું કુટુંબ, તમારું કાર્ય, તમારી સેવા, તમારું તેડું અને તમારો અભિષેક, આપણને માર્ગના દરેક પગલામાં ઈશ્વરના સામર્થ્યની જરૂર છે. નહિ તો, આપણે વિચલિત થઈ જશું અને આપણા જીવનોમાં જે ઈશ્વરે મૂક્યું છે, તે ગુમાવી દઈશું.

તે એ માટે છે કે શેતાન ગાજનાર સિંહની પેઠે સર્વ સમયે આપણી આસપાસ ફરે છે, જ્યાં અને કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે. પિતરનો પત્ર ૫:૮ કહે છે, ''સાવચેત થાઓ, જાગતા રહો.''

બાઈબલની વિસ્તૃત આવૃત્તિ કહે છે; સારી રીતે સંતુલિત અને સ્વંય શિસ્તબદ્ધ બનો. સાવચેત રહો. સર્વ સમયે સાવધ રહો – કેમ કે શેતાન આવે છે, શોધે છે અને આસપાસ ફરતો રહે છે – ગાજનાર સિંહની પેઠે – તીવ્રપણે ભૂખ્યો – ગળી જવા શોધતો ફરે છે.

હું ધીમેથી તમારા ખભાને હળવેથી થપથપવા માગું છું અને કહેવા માગું છું કે જાગી જાઓ! આ તમારો જાગવાનો સમય છે! સાવધ રહો! કાળજી રાખો, જોતા રહો, સ્વયં શિસ્તમાં રહો. સર્વ બાબતો બંધ કરો અન અવનાર થોડા દિવસો કે અઠવાડિયાઓમાં ફક્ત ઈશ્વર પર લક્ષ કેન્દ્રિત કરો. વ્યક્તિગત રીતે, ઈશ્વર તમારી સાથે વાત કરે તે માટે અને તમને શું જણાવે છે અને તમે શું કરો તેમ તેઓ ઈચ્છે છે તે જાણવા માટે વિનંતી કરો. જ્યાં સુધી તમને તે માટે સ્પષ્ટ હેતું ન મળે ત્યાં સુધી ઉપવાસ સહિત પ્રાર્થના કરો. કેમ કે શેતાન તમને વિચલિત કરવા, તમારા કામમાં વિક્ષેપ પાડવા રાહ જોઈ રહ્યો છે. અથવા તેણે પહેલેથી જ તમારા જીવનમાં વિક્ષેપો રોપી દીધા છે. મારા વહાલા ભાઈઓ તથા બહેનો, આવો, હમણા જ આપણે લક્ષ આપવાની જરૂર છે.

આ મારી પ્રામાણિક પ્રાર્થના છે કે આપણ સર્વએ, ખાસ કરીને આ છેલ્લા દિવસોમાં, આપણા હેતુથી અને આપણા જીવનમાંની ઈશ્વરની યોજનાથી દૂર જતા ન રહીએ. યાદ રાખો કે જ્યારે આપણે ઈશ્વરની ઈચ્છા પરિપૂર્ણ નથી ત્યારે આપણે શેતાનની ઈચ્છા પરિપૂર્ણ કરીએ છીએ. હું તમને બતાવવા માંગું છું કે આ વિક્ષેપ આપણા જીવનોમાં કેટલો શક્તિશાળી હોઈ શકે છે ખાસ કરીને જેઓ ઈશ્વરને પ્રેમ કરવાનો દાવો કરે છે, તેમનામાં. બાઈબલ કહે છે કે ઈશ્વર ઈસ્રાએલને આશીર્વાદિત કરવાની ઈચ્છા રાખતા હતા. કોઈપણ તેને શાપ આપી શકતું નહતું. ત્યાં અંધકાર, જાદુટોણા કે દુષ્ટતાની કોઈ શક્તિ નથી કે જે ઈશ્વરના બાળકોની વિરુદ્ધ કાર્ય કરે; જેમાં તમે અને હું પણ છીએ. પણ ત્યાં કંઈક છે જે આપણા જીવનોમાં અરાજકતા, મુંઝવણા અને વિક્ષેપ લાવી શકે છે અને ત્યાં એક જ વ્યક્તિ પાસે તે થવા દેવાની શક્તિ છે, તે આપણે પોતે.

પાન ૯ પર આગળ...


## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.


## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

# પ્રભુ જેઓ આપણી ઈચ્છાઓ પૂરી કરે છે! THE LORD WHO GRANTS OUR DESIRES!

"કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો દેવ છે." ફિલિપ્પીઓને પત્ર ૨:૧૩



જ્યારે હું ૧૮ વર્ષનો હતો, ત્યારે હું મારા પિતાને, તેમના ભાઈઓને અને તેમના કુટુંબના સભ્યોને હમેશાં દેવળમાં ઈશ્વરની આરાધના કરતા અને ગીતો ગાતા જોતો હતો અને હું તેમને કોઈક રીતે મદદરૂપ થતો રહેતો હતો. હું હાર્મોનિયમ જેવા સંગીત વાજીંત્રો વગાડવાનું પણ શીખ્યો હતો.

"ગુડ ન્યૂઝ પ્રેયર બેન્ડ" ટીમ, જેને મેં શરૂ કરી હતી અન તેમાં દોરવણી આપતો હતો, તે મારફતે અમે સંગીતની અને સંગીતકારોની વાંજીંત્રો વગાડવનારાઓની ટીમ તૈયાર કરી હતી. ઈશ્વરે મને ઘણા ગામડાઓમાં ઈસુ ખ્રિસ્તના શુભ સમાચારોનો પ્રચાર કરવામાં સહાય કરી હતી. ટીમ તરીકે અમે ઈશ્વરના સંદેશાઓ, સાક્ષીઓ અને ગીતો વહેંચતા હતા. આ ટીમમાં સૌથી મહત્વના લોકો હતા, ભાઈ વેસ્લી દેવાદાસન (હવે હેરાલ્ડ ઓફ હીજ કમિંગ), રેવ. એ સેલ્વરાજ (હવે સી.એસ.આઈ. મિશનરી, પાળક), રેવ. જોન રોસ કમાલામ (હવે સી.એસ.આઈ. મદુરાઈના વડીલ પાળક), વાયોલિનવાદક ભાઈ ડેવિડ રેજીનાલ્ડ (શિક્ષક), ભાઈ પૌલસ (સી.એસ.આઈ. પાળક), શ્રી જયાચંદ્રાન (એ.ઓ.જી. પાળક) અને શ્રી. જયાનંદા પૌલમોની (શિક્ષક).

હું મારા ખભાઆ પર મારું મોટું અને ભારે હાર્મોનિયમ ઉચકતો અને ગામડાઓમાં, બજારોમાં અને રસ્તની બાજુના પથ પર જતો. આવી જગ્યાઓમાં હું ગીતો ગાતો, મારી સાક્ષી વહેંચતો અને ઈશ્વરનું વચન જણાવતો રહેતો હતો. મેં હજારો સુવાર્તિક ટ્રાકો વહેંચી હતી. મેં સર્વ બાબતો સંપૂર્ણ મનથી અને આનંદ સાથે કરી હતી. મેં એકલા ઘણા માઈલો સુધી, મારું હાર્મોનિયમ ઉંચકીને અલગ અલગ પ્રકારના લોકોને ભલે તેઓ કોઈપણ ધર્મના હોય, તેમને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા વહેંચી હતી.

આજે જ્યારે હું તે જગ્યાઓની મુલાકાત લઉં છું જ્યાં હું નાનો છોકરો હતો ત્યારે ગયો હતો અને ખ્રિસ્તી ગીતો ગાતો હતો, મારું હર્મોનિયમ વગાડત હતો, ત્યારે મને હવે આશ્ચર્ય થાય છે. જ્યાં પણ મેં સુવાર્તા ટ્રાકો વહેંચી હતી, જ્યાં મેં ઉપદેશો આપ્યા હતા, ત્યાં હવે હું ઘણા દેવળો જોઉં છું અને ખ્રિસ્તી લોકોની થતી ઘણી વૃદ્ધિ જોઉં છું. હું એ દિવસાને યાદ કરું છું જ્યારે લોકો મારો તિરસ્કાર કરતા હતા. કેમ કે સમાજમાં ત્યારે મારી પાસે કોઈ લાયકાત કે મોભો ન હતા.

દિવસ પસાર થઈ ગયા. ઈશ્વર મને ઉત્તરોત્તર મોટો કરતા ગયા. તેમણે મને દૈવી ડહાપણ, લોકોનો સાથ અને નાણાકિય દરજ્જાથી આશીર્વાદિત કર્યો હતો. ઈશ્વરે મને એક એર્કોડીયન પણ આપ્યુ હતું, જે તે દિવસોમાં એક મોંઘુ વાજીંત્ર હતું. કેમ કે મારી પાસે આ વાજીંત્ર ખરીદવાના નાણા પણ નહતા, મારા એક મિત્ર, નામે શ્રી. એમ. પદમનાભમ, જેઓ વંદાવાસીના હતા તેમણે તેમની પત્નીની લગ્નની સાંકળી ગીરવી મૂકી હતી અને તે વાજીંત્ર ખરીદવા મને નાણા આપ્યા હતા. મારા નાના ભાઈ શ્રી. એ. બીજીલી સામરાજે પણ મને આ બાબતમાં સહાય કરી હતી.

આમ, મારા પ્રભુએ ઈશ્વરનું વચન ટીવી મરફત અન હવે યૂટ્યુબ મારફત બોલવામાં, કહેવામાં મને સક્ષમ કર્યો છે. મારા સંદેશાઓ તામિલ, અંગ્રેજી, હિન્દી અને તેલગુ ભાષાઓમાં આવે છે. ઈશ્વરે મને સહાય કરવો ઘણા ગાયકો અને સંગીત વાજીંત્રો આપ્યા છે. ઈશ્વરે મને ઘરી રાખવા અને સ્વીકારવા મુખ્ય ચર્ચ આપ્યું છે. પ્રભુએ મને ઘણા શશખા ચર્ચો આપ્યા છે અને મારી મિનિસ્ટ્રીમાં મારી સાથે રહ્યા છે.

વહાલા વાંચકો, મને ખાતરી છે કે તમે પણ ઈશ્વરને માટે કંઈક કરવા ઈચ્છો છો. તે કરવાનું તરત શરૂ કરો. તમારી પાસે કદાચ લોકોનો સાથ કે નાણાકિય સહાય ન હોય. જો તમને મન હશે, તો તમે માર્ગ શોધી શકશો! મોડું ન કરો! આજે જ તે શરૂ કરો! હમણાં જ તે કરો!

"કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામા ઈચ્છવાની અને કરવાની પ્રેરણા કરે છે તે તો દેવ છે." (ફિલિપ્પીઓને પત્ર ૨:૧૩)

************

(પાન ૬ પરથી આગળ...)

આવો આપણે આ ઈશ્વરના વચનમાંથી જોઈએ. જ્યારે મોઆબનો રાજા ઈસ્રાએલપુત્રોને શાપ આપવા માંગતો હતો, ત્યારે તેણે બલામને આમંત્રણ આપ્યું હતું કે તે આવે અને તેમને શાપ આપે. ઈશ્વરના લોકોને શાપ આપવામાં બલામને સંઘર્ષ કરવો પડ્યો હતો અને દરેક વખતે તે તેમને આશીર્વાદ આપતો હતો. તેથી મોઆબનો રાજા, બાલાક ઘણો નિરાશ થયો હતો અને ઘણો ગુસ્સે થયો હતો. અંતે, બાલામે એક સલાહ આપતા કહ્યું હતું કે, આ લોકો ઈશ્વરના લોકો છે. તે તેમની ઈચ્છા છે કે તેમને આશીર્વાદ મળે. તેથી ત્યાં કેઈ રસ્તો નથી કે તમે તેમને શાપ આપો કે તેમનો નાશ કરો. પણ ત્યાં એક રસ્તો છે કે જેમાં તમે તેમને નીચે લાવી શકો. તે છે તેમની વચ્ચે વિક્ષેપ નાખીને... તેથી ઈશ્વર ગુસ્સે થશે અને તેઓ પોતે જ તેમનો નાશ કરશે.

''જુઓ, તેઓએ બલામની સલાહથી ઈસ્રાએલપુત્રોની પાસે પેઓરની બાબતમાં યહોવાની વિરુધ્ધ પાપ કરાવ્યું, ને તેથી યહોવાની જમાતમાં મરકી ચાલી.'' (ગણના ૩૧:૧૬)

બલામની સલાહ હતી કે મોઆબી સ્ત્રીઓને ઈસ્રાએલીઓ પાસે મોકલવી. પછી તેમણે ઈસ્રાએલના પુરુષોને લૈગિકતામાં લલચાના હતા. પણ શરત એ હતી કે તેમણે તેમના દેવાની પૂજા કરવી. તે દેવ હતો બઆલપેઓર અથવા ઉઘાડવાનો દેવ. મોઆબી સ્ત્રીઓ કબૂલ થઈ કે તેણીઓ તેમની આગળ ખુલ્લી થશે, જો ઈસ્રાએલના પુરુષો તેમના દેવોની પૂજા કરે તો. એમા કોઈ શંકા નથી કે બલામ ઈસ્રાએલના પુરુષોની નબળાઈ જાણતો હતો અને એટલું જ નહિ, પણ તે એટલું પણ જાણતા હતો કે ઈશ્વરને તેમના સિવાય કોઈ અન્ય દેવની પૂજા કરે તો કેવું લાગતું હતું. તેઓ આસ્થાવાન ઈશ્વર, અગ્નિથી ભસ્મ કરનાર ઈશ્વર છે. તેઓ કોઈ પણ બીજા કોઈ દેવની પૂજા કરે તે સહન કરી શકશે નહિ અથવા બીજા કોઈને તેમને સ્થાને બદલે તો, તેથી બલામની સલાહ વિક્ષેપ મૂકવાની હતી, જે તેમને કેવળ ઈશ્વરની ઈચ્છાથી જ દૂર લઈ જવાની નહતી પણ તેમના જીવનો પર ઈશ્વરના કોપને પણ ઉશ્કેરવાની હતી.

વહાલા મિત્રો, હું જાણતી નથી કે તમે કેવી પરિસ્થિતિમાંથી જઈ રહ્યા છો અથવા તમે તમારા જીવનની મુસાફરીમાં ક્યાં છો, પણ તમારા જીવનમાંના વિક્ષેપોથી સાવચેત હતો. તે હમેશાં તમારી આંખોને આનંદદાયક, સુંદર લાગશે, તે તમારા મનને ખૂશ કરશે. પણ તે તમને ઈશ્વરે તમારા જીવન માટે શું ઈરાદા રાખ્યા છે તે પરથી ધ્યાન ગુમાવવા દેશે. જાગૃત થાઓ! તમને સામર્થ્ય આપવા ઈશ્વરને વિનંતી કરો.

ખાસ કરીને જુવાન લોકો, જ્યારે લગ્નનો સમય આવે છે, ત્યરે સાવધ રહો. લગ્ન એ આત્મા જીતવા માટે નથી. અસમાન રીતે જોડાયેલા ન બનો. તમારો વિશ્વાસ અને તમારું દર્શન તમારા સાથી સાથે મળતું આવવું જોઈએ. નહિ તો, તે જીવનભરનો સંઘર્ષ છે.

હું ફક્ત પ્રાર્થના કરું છું કે જેઓ આ દરેક વાંચે છે, તેમને ઈશ્વર સહાય કરો આપણા વિક્ષેપોને ઓળખવા અને તેને છોડી દેવા અને

## અમારા માટે ખાસ પ્રાર્થના કરશો

શ્રીલંકામાં દર મહિને **ઈકો ઓફ હિઝ કોલ** સિંહાલા માસિક ન્યૂઝલેટરને મોકલવા માટેનો પોસ્ટેજ ચાર્જ ખૂબ જ ઊંચો હોવાથી (દરેક નકલ માટે રૂ. ૩૧/-), અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે **ઈકો ઓફ હિઝ કોલ** સિંહલા ન્યૂઝલેટરની નકલો અહીંથી શ્રીલંકા મોકલવાનો માર્ગ જાતે ખુલે અને અને ત્યાંથી સ્થાનિક રીતે વહેંચાય. કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો

**– સંપાદક**

## ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

### વહાલા વાંચકો!

નીચે આપેલ બાબતો તપાસશો અને ટીક કરશો અને અમને મોકલી આપશો. તમને **ઈકો ઓફ હીજ કોલ** તરફથી ભેટ મોકલવામાં આવશે.

૧. શું તમે આજે **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી** માટે પ્રાર્થના કરો છો? હા ☐ ના ☐

૨. શું તમે ઈચ્છો છો કે **ઈકો ઓફ હીજ કોલ** તમને સતત મળતું રહે? હા ☐ ના ☐

૩. શું તમે **ઈકો ઓફ હીજ કોલ** માટે નવા વાંચકો મેળવવા ઈચ્છો છો? હા ☐ ના ☐

૪. તમને કંઈ કોલમ (વિષય) ગમે છે? હા ☐ ના ☐

મુખ્ય લેખ ☐ (કે) સંપાદકીય ☐ (કે) ખાડામાંથી મહેલમાં ☐

૫. શું તમે અમારો વોટ્સઅપ નં સેવ કરી રાખ્યો છે? હા ☐ ના ☐

૬. શું તમે **ઈકો ઓફ હીજ કોલ યૂટ્યુબ ચેનલ** સબ્સ્ક્રાઈબ કરી છે? હા ☐ ના ☐

૭. શું તમે યૂટ્યુબ ચેનલ પર પ્રસારિત થતા ટૂંકા સંદેશાઓ જુઓ છો? હા ☐ ના ☐

૮. શું તમે આમારા યૂટ્યુબ ચેનલ પર પ્રસારિત થતા અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલુગુમાંનો પાંચ મિનિટના સંદેશાઓ જુઓ છો? હા ☐ ના ☐

કૃપા કરીને આ ભાગ કાપો અને તે ભરીને અમને મોકલી આપશો. તમને અમારા તરફથી એક ભેટ મળશે.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

તેનાથી દૂર રહેવા માટે, જેથી આપણે નવી મોસમને આપણા જીવનમાં પકડી રાખીએ.

છોડી દેવાનું બંધ કરો અને આગળ વધો!

તમે માગો કે કલ્પી શકો તે કરતા ઈશ્વર વધું કરી શકે છે. તમારી નવી મોસમને વળગી રહો, તેને સ્વીકારો.

ઈશ્વર તમ સર્વને આશીર્વાદિત કરો !

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th JUNE 2023**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

## *JESUS LOVES YOU!*

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**